# ADINET e-News Digest

અમદાવાદ લાયબ્રેરી નેટવર્ક ઈ-ન્યૂઝ ડાયજેસ્ટ

No. 5 February 2015


## ગ્રં.મા.સે સમાચાર

### ગ્રંથાલયો; સર્જન સ્થળ તરીકેની નવી ઓળખ

સમગ્ર યુનાઈટેડ સ્ટેસ્ટમાં ગ્રંથાલયોએ પોતાની એક નવી ઓળખ, એક સર્જન સ્થળ કે મંથન મંચ તરીકે કરી છે.

ગ્રંથાલય સામાન્ય રીતે એક શાંત જગ્યા જ્યાં લોકો શાંતિથી એકલા બેસીને વાંચે. કોઈ સહેજ પણ અવાજ કરે તો તેને મોં પર આંગળી મૂકી ચૂપ કરાવી દેવાય પણ હવે તેવી ઓળખ રહી નથી. સમગ્ર યુનાઈટેડ સ્ટેટ્સમાં ગ્રંથાલયો હવે એક સર્જનાત્મક સ્થળ બની ગયાં છે જ્યાં લોકો મળે અને વ્યવસાય – વાણિજયનું સર્જનાત્મક કાર્ય કરે. કલા, સંગીત, ચલચિત્ર કે સોફ્ટવેર પ્રોગ્રામ જેવું કામ કરવા વિચારો વહેતા મુકે.

પ્રેસીડન્ટ ઓબામા ઈચ્છે છે કે યુવાપેઢી, અહીં એક સર્જક તરીકે વિકાસ પામે, સંશોધન કરે, નવી શોધ અને શરુઆત કરે, વિજ્ઞાન અને ટેકનોલોજી બાબતે ચર્ચા વિચારવિમર્ષ અને નવસર્જન કરે જેથી તેઓ ફકત માહિતીનાં ઉપભોકતા તરીકે ન રહે.

ચોકકસ રીતે તો ન કહી શકાય પણ લગભગ, ૧,૨૦,૦૦૦ ગ્રંથાલયો આવી નવસર્જનના મંથનમંચમાં બદલાઈ રહી છે અને આ નવીન પ્રયોગે ઘણો વેગ પકડયો છે.

અમેરીકન લાયબ્રેરી એસોસીએશનના પ્રમુખ, કર્ટની યંગ કહે છે, 'ગ્રંથાલય એ માહિતીનું સંગ્રહસ્થાન જ નથી પરંતુ લોકોની પ્રતિમા ખીલવવા માટે જરુરી સકારાત્મક વાતાવરણ પુરુ પાડી શકે તેવું રચનાત્મક કેન્દ્ર બને તે હાલના સમયની તાતી જરુરીયાત છે.

'મેકર સ્પેસ' સર્જન સ્થળ માટે ફેબલેબ સર્જન શાળા કે 'હેકર સ્પેસ' જેવા શબ્દો પણ યોજાયા છે, જયાં ટેબલ ખુરશી હોય, જયાં ભાગીદાર ભેગા બેસી વિચારવિમર્શ કરે, કે પ્રયોગશાળાની જેમ સાથે મળીને મશીનો પર પ્રયોગ કરે, કે 3D પ્રીન્ટર પર, વિનાઈલ કટર પર કામ કરે, કે સિલાઈ મશીનો પર જુદા જુદા અખતરા કે પ્રયોગોનો વિનિમય કરે. ગ્રંથાલયને એવા રચનાત્મક સ્થળમાં બદલે જ્યાં પુસ્તકોની આપ-લે જ નહી પણ યુવા પેઢી કરે છે તેમ હુન્નરનો વિનીમય, સામુહિક પ્રશિક્ષણ સ્થળ કે હાથ-બેસાડવાના સ્થળ તરીકે વપરાય.

રેનો નેવાડાના, ડે લામેર સાયન્સ એન્ડ એન્જીનીયરીંગ લાયબ્રેરીના સંચાલક ટોડ કોલેગ્રોવ કહે છે કે આ વિચારોને લઈને અનેક પ્રકાશનો ઓન લાઈન ઉપલબ્ધ છે જેમાં ગ્રંથાલયના નવા સ્વરુપને વર્ણવ્યું હોય.

અમે બીજા સર્જન મંચ “મેકર સ્પેસ” સાથે વિચારવિમર્શ કર્યો અને એકમાંથી બીજી વસ્તુઓ ઉદભવી, અમે 3D સ્કેનર અને પ્રીન્ટર વસાવ્યા, કોમ્પ્યુટર વર્કસ્ટેશન બનાવ્યા, એમાંથી હવે એટલો વિકાસ થયો છે કે કોઈ પણ એક દિવસમાં ૨૦૦ થી ૨૫૦ ઉપભોકતા આવે છે. અમે ફકત પુસ્તકો બાબતે નહીં પણ સમગ્ર ઉપભોકતાઓ સાથે અને એમની જરુરીયાત બાબતે પ્રવૃત્ત રહીએ છીએ.

“વિધાર્થીઓને 3D પ્રીન્ટર ખુબ ગમે છે તેમાં કોઈ મગજની પ્રીન્ટ લે છે તો કોઈ V-8નું મશીન જે ખુબ જ પ્રાચીન ઢબનું છે તો પણ તેમાં પ્રીન્ટને ઉંચો નીચો થતો જોવા મળે તે ઘણું જ રસપ્રદ છે”. આ શબ્દો પીટર સ્મીથ નામના વિધાર્થીના છે જે અહીંના નિયમીત મુલાકાતી છે. પુસ્તકો કરતાં બીજાનું કામ જોવામાં વધુ શીખાય છે.

ઉત્તરી ન્યુયોર્કની ફેયટવીલે ફ્રી લાયબ્રેરી જે પબ્લીક લાયબ્રેરી છે તેણે આમાં પહેલ કરેલી. ફેયટવીલે ફ્રી લાયબ્રેરીના કાર્યકારી સંચાલક સુઝન કોન્સીડાઈન, તેમને ૨૦૧૩માં વ્હાઈટ હાઉસ ચેમ્પીયન ઓફ ચેન્જનો ખિતાબ મળેલ, કહે છે કે અમે ઘણું સાહસ કરી આવા ઉપભોકતાઓને તેમની અપેક્ષાઓ વિશે પુછીએ અને તેમને સંતોષ આપવા પ્રયત્ન કરીએ છીએ અને તેથી તે તેમના લક્ષ સિધ્ધ કરી શકે છે.

ફેયટવીલે ફ્રી લાયબ્રેરીની સર્જન સ્થળ “મેકર સ્પેસ” બધા વયજૂથને સંતોષ છે. લીટલ મેકર એરીયા ૫ થી ૮ વર્ષના બાળકોની સર્જન શકિતને ખીલવવા STEM (સાયન્સ, ટેકનોલોજી, એન્જીનીયરીંગ અને મેથ્સ)ના વિસ્તારમાં ધ્યાન આપે છે.

કોન્સીડાઈન કહે છે કે શીખવાથી કરવા સુધીના આખા માર્ગને અમે ધ્યાનમાં રાખીને કામ કરીએ છીએ કારણ લાયબ્રેરી એ સમગ્ર જીવન કાળ માટેનું શીખવાનું; તેમજ કરતાં રહેવાનું તેમને કંઈક સર્જન કરવાનો સંતોષ આપવા માંગીએ”.
સ્ટેવ ફોકસ એ વેન્ટુરા કેલીફોર્નિઆ સ્થિત સ્વતંત્ર લેખક છે જે પહેલાં વર્તમાનપત્રના પત્રકાર હતા.

સંદર્ભ|
http://span.state.gov/business/libraries-turn-into-makerspaces/20150101#sthash.0v2dfNJU.dpuf

---

## શિવાજી યુનિર્વસીટી બ્રેઈલ લાયબ્રેરી શરુ કરવા સંભાવના

**કોલ્હાપુર** : શિવાજી યુનિર્વસીટીના વાઈસ ચાન્સેલર એન. જે. પવારે મંગળવારે જણાવ્યું કે યુનિર્વસીટી દ્રષ્ટિહીન માટે બ્રેઈલ લાયબ્રેરી.

નેશનલ એસેસમેંટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સીલ (NAAC) ના જે ગયા સપ્ટેમ્બરમાં આવેલા સભ્યોએ જોયુ કે યુનિર્વસીટી સારું એવું સંશોધન થઈ રહ્યું છે અને દ્રષ્ટિહીન વિધાર્થીઓ માટે એક બ્રેઈલ લાયબ્રેરી સ્થાપવા સક્ષમ છે. આનો લાભ યુનિર્વસીટી સાથે સંલગ્ન કોલેજો પણ લઈ શકશે.

આ વાત પવારે ICTની એક વર્કશોપના ઉદઘાટનમાં કહી હતી.

લાયબ્રેરીયન નમીતા ખોટે કહ્યું કે દ્રષ્ટિહીન વિધાર્થીઓ માટે એક સ્ટડી સેન્ટર વિના મુલ્યે ખોલાયેલ છે. દરમ્યાન ICT વિભાગ તરફથી દ્રષ્ટિહીન વિધાર્થીઓ માટે વપરાતી ટેકનોલોજી સમજવા એક વર્કશોપ યોજવામાં આવી હતી. ઈગ્લીશ ભાષા વિભાગના એક ફેકલ્ટી મનોહર વાસવાણીએ જણાવ્યું હતું.

સંદર્ભ|
http://timesofindia.indiatimes.com/home/education/news/Shivaji-University-likely-to-start-braille-library/articleshow/45904802.cms

## એલ્સવિયર દ્વારા બધા વિષયોમાં ઓપન એકસેસ (OA) જર્નલ્સ લોન્ચ

એલ્સવિયર બધા વિષયોના ઓપન એકસેસ જર્નલ્સ એકજ ફલક પર ઉપલબ્ધ કરવા માટે તૈયારી કરી રહ્યુ છે.

પ્રકાશકના કહેવા પ્રમાણે સંશોધનના સુધારા અને શોધોના આધારે આ શકય બનશે જેમાં એક ધાર્યા પ્રવાહથી સરળ પધ્ધતિથી તેની માહિતી જે તે વિષયના સંશોધકોને મળી રહેશે. લેખોના સંશોધન સ્તર પ્રમાણે ગુણવત્તા રહેશે. પ્રકાશન અને ઉત્પાદન નિયંત્રક સારા ગ્રીમ જણાવ્યુ કે ઓનલાઈન ઈન્ટરફેસ વિકસાવ્યું છે. જે લેખકોને સરળતાથી તબકકાવાર રજુ કરવાની પ્રકિયા થઈ શકશે અને પારદર્શીતા માટે લેખકોને પ્રક્રિયા વિશે વાકેફ કરતા રહીશું. એલ્સવિયર તેની વિકસાવેલ ટેકનોલોજીનો ઉપયોગ સંપાદનની પ્રક્રિયાને સરળ બનાવવામાં વાપરશે. જેમ કે SCOPE નો ઉપયોગ કરી ડેટાને જે તે વિષય અને તેના એકસ્પર્ટની સાથે એવી રીતે જુદા પાડી શકીશું, કે મુલ્યાંકનની પ્રક્રિયા કરવાનું પીયર રીવ્યુ માટે સરળ પડે.

ગ્રીમ આગળ કહ્યું કે એલ્સવિયરે લગભગ બે દાયકામાં આ સ્માર્ટ ટેકનોલોજી વિકસાવાઈ છે. જેનાથી સર્ચ એન્ડ ડીસ્કવરી ટૂલ્સની મોટી રેન્જ શકય બની છે. દા.ત. સીમેટ્રીક ઈન્ડેકસીંગથી સંદર્ભ શોધ વધુ અર્થપૂર્ણ અને ઝડપી બને છે. લેખનામ સંદર્ભ અને તેના ઉપયોગની માહિતીને ઈન્ડેસીંગમા જોડતાં આ શકય બને છે.

સાયાન્સ ડાયરેકટમાં આ માહિતી અપાશે જેથી એનો બહોળો પ્રસાર થઈ શકે. ખાસ કરીને સાયન્ટીફીક પ્રકાશનો માટે એ વૈશ્વિક ફલક છે. વળી આની શોધ પ્રક્રિયા પણ સરળ રહેશે જેથી વધુ લેખકો તે સરળતાથી જોઈ-સમજીને વાપરી શકે.

## એલ્સવિયર વાઈલીના ૧,૦૦,૦૦૦ નકશા સાંકળશે

એલ્સવિયર જીયોફેકટના ફલક ઉપર વાઈલીના ૧૦૦૦૦૦ નકશા રજુ કરશે. કંપનીના કહેવા પ્રમાણે આ સંકલનના કારણે વધુ વિશ્વાસનિય ડેટા જીયોસાયન્ટીસ્ટને મળશે. પરિણામે સંશોધન પરિણામો સાચાં અને સારા મળશે જેથી કંપની વધુ સારા રોકાણોનો લાભ આપી શકશે.

જે માહિતી મુકાશે તેમાં મૂળભૂત જીયોલોજીક મેપ, પેટ્રોલીયમ જીયોસાયન્સ, જીયોફીઝીકલ અને સ્પેશીયલ મેપ્સ જેવા કે સેડીમોન્ટોલોજી

અને જીયોકેમીસ્ટ્રી વાયલીના ૨૬ પ્રકાશકો અને અનેક સોસાયટી પાર્ટનર જેવા કે અમેરીકન જીયોફીઝીકલ યુનીયન વગેરેની માહિતીનો સમાવેશ થશે. આને લીધે જીયોફેસેટસ ક્ન્ટેન્ટ પોર્ટફોલીયો જેમાં ૫,૦૦,૦૦૦ નકશા જે ૨,૦૦,૦૦૦થી વધુ સંબંધિત લેખોમાંથી તારવવામાં આવ્યા છે, તે ઉપલબ્ધ બનશે.

જીયોફેસેટ એ એલ્સવિયરનો પાયાનો માહિતી સ્ત્રોત છે અને જીયોસાયન્ટીસ્ટ એ વિશ્વાસથી વાપરે છે. કારણ તે એક પીયર-રીવ્યુ માહિતી આપતો માહિતી સ્ત્રોત છે. વાપરવામાં સરળ છે. અને વાયલી જર્નલ્સ એ વિશ્વસનીયતા માટે જાણીતા છે. બેસીન રીસર્ચ, જર્નલ ઓફ પેટ્રોલીયમ જીઓલોજી, સેડીમેન્ટોલોજી જેવા જર્નલ બધા જ આમાં સમાવાય છે.

વાયલીના એન્જીનીયરીંગ અને ટેકનોલોજીનાં સીનીયર વાઈસ પ્રેસીડેન્ટ, એલા બાલાગુલા જીયોસાયન્ટીસ્ટ માટેની આ સેવા શરુ કરવા માટે અતી ગૌરવ અનુભવે છે.

---

## ભારતીય સાહિત્યના ઉચ્ચકોટીના કામોની લાયબ્રેરી-પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા ન્યુ દિલ્લી.

મ્યુરટી કલાસીકલ લાયબ્રેરી ઓફ ઈન્ડિયા (MCLI) વિવિધ ભારતીય ભાષાઓના બે મીલેનીયમના સાહિત્યનાં ભાષાંતર વૈશ્વિક વાચકોને ઉપલબ્ધ બનાવાશે જેની ભાષા મોર્ડન ઈંગ્લીશ હશે.

હાર્વર્ડ યુનિવર્સીટી દ્વારા આ અભિયાન આદરવામાં આવ્યું છે જેની કામગીરી ઈન્ફોસીસના ડાયરેકટર નારાયણ મૂર્તિના પુત્ર રોહન મૂર્તિએ ૨૦૧૦માં સંભાળી છે જેમાં ૫૦૦ જેટલાં શતાબ્દી દરમ્યાન બહાર પડશે.

ઈકોનોમીક્સનું નોબલ પારીતોષિક મેળવનાર ફીલસૂફ અને લેખક અમર્ત્ય સેન આ સમારંભના મુખ્ય મહેમાન હતા. જ્યારે માજી વડા પ્રધાન મનમોહનસીંગ તથા મોન્ટેકસીંગ આહુવાલિયા પણ હાજર હતા.

પાંચ પુસ્તકોનો સેટ MCLI દ્વારા આ પ્રસંગે શ્રી નારાયણ, સુધા અને રોહનને અર્પણ થયો. આ પ્રસંગે નોબલ લોરીયેટ અમર્ત્ય સેને કહ્યું કે ભવિષ્ય ઘડવા માટે ભૂતકાળને સમજવો બહુ જરૂરી છે.

સેને તેમના વકતવ્યમાં “વિવિધ વિચારો” સંદર્ભે જણાવ્યું કે સંસ્કૃત પંડિતોની ભાષાની મર્યાદા ગણાવી એ ડીઝાસ્ટર છે. તેમને ઉપનીષદના પ્રથમ પર્શીયન ભાષાંતરકાર દ્વારા શ્રીકોહને યાદ કરતાં જણાવ્યુ કે તેમને તાજ મહલની યાદ આવી જે ભાષાંતરકારની ‘માં’ ની સ્મૃતિનું સ્મારક છે.

ભારતની અનેક ભાષાઓના ભાષાંતરકારો મોટી શૃંખલામાં જેમાં બંગલા, હીન્દી, કન્નડા, પાલી, મરાઠી, પંજાબી, પર્શીયન, સંસ્કૃત, સીંધી, તામીલ, તેલુગુ અને ઉર્દૂનો સમાવેશ થાય છે.
જે પાંચ પુસ્તકોથી શરૂઆત થઈ તે છે. “તેરી ગાથા પોએમ્સ ઓફ ધ ફસ્ટ બુધ્ધિસ્ટિ વીમેન”, “સુફી લીરીકસ હીસ્ટરી ઓફ અકબર ભાગ-૧”, “સ્ટોરી ઓફ મનુ” અને “સર્ચ ઓશન”.

આ અભિયાનને શરૂ કરનાર અને હાવર્ડ યુનિવર્સીટી જેની માતૃસંસ્થા છે તેવા રોહન મૂર્તિ ખુબ ઉત્સાહથી જણાવે છે કે હું ઈચ્છું છુ કે આ ઉત્તમ લખાણો વાંચનાર ગ્રીક-લેટીન ન રહે.

પુસ્તકો સમાંતર ભાષાંતર સહિત પ્રસ્તાવના ખુલાસાની નોંધ, લેખ નોંધ સાથે શુધ્ધ સમકાલીન ભાષાંતર ધરાવે છે.

સંદર્ભ | Press Trust of India, New Delhi

---

## શિક્ષણમાં ડીજીટાઈઝેશન

**ભારતની ઘણી શૈક્ષણિક સંસ્થાઓ તેમની શૈક્ષણિક પધ્ધતિમાં અને વિધાર્થીઓને થતા અનુભવમાં ઘણાં ફેરફાર કરી રહ્યા છે જે સંસ્થાના પરીસર અને બહાર ઉપયોગી બને છે. શૈક્ષણિક વિકાસ માટે આ અતિ આવશ્યક છે.**

ડીજીટાઈઝેશનથી ઘણાં મોટા ફેરફારા આમાં આવ્યા છે. દેખીતી રીતે માહિતીના સ્વરુપ અને તેને મેળવવાની પ્રક્રિયામાં ઘણી સરળતા ઉભી થઈ છે. વર્તમાનપત્રના રીપોર્ટ, સામાજીક અહેવાલો, જે સંશોધકો કે ઉચ્ચતર અભ્યાસીને જરૂર પડે તે ઘણી સરળતાથી મળી રહે છે. આ ઉપરાંત માહિતીનો ઉપયોગ કરવાનું મહત્વ પણ વિધાર્થીઓને સમજાયું છે. આ સાથે માહિતીની ગણિતકીય પધ્ધતિ અને તેનો ઉપયોગ પણ વધ્યો છે. આ બધામાં ઈન્ટરનેટ અને મોબાઈલ અતિ મહત્વના બની રહ્યા છે.

હમણાં સુધી વર્ગમાં ડીજીટાઈઝેશનનો ઉપયોગ નહીવત હતો પણ હાલમાં બધે અને ભારતમાં પણ "બ્લેકબોર્ડ" અને મુડેલ જેવા ફલકનો ઉપયોગ નોંધપાત્ર રીતે વધ્યો છે તે સામાન્ય રીતે ન વપરાતા હોય તોય વધારાના સાધન તરીકે વપરાય છે. ખાસ કરીને ડીજીટલી રેકોર્ડેડ લેકચર્સ તો બધા દેશોમાં અને ભારતમાં વપરાય જ છે. કેટલીકવાર પ્રાયોગિક ઉપયોગ એ રીતે થાય છે કે આ ડીજીટલી રેકોર્ડડ લેકચર્સ એ રીતે વિધાર્થીને મોકલાય કે જેથી આગળથી જોઈ લીધેલ વ્યાખ્યાનથી વિધાર્થી પૂર્વ તૈયાર રહે અને તેને રસ જાગ્રત થાય. આના કારણે વર્ગમાં પણ ખુબ ઝડપથી પઠન આગળ વધી શકે.

આઈ.આઈ.ટી., મુંબઈ અને બી. આઈ.ટી.એસ. પીલાણી જેવી સંસ્થાઓ આ નવી ટેકનોલોજી અને શિક્ષણ પધ્ધતિ વાપરે જ છે. અને બીજી સંસ્થાઓને પણ જો આગલી હરોળમાં રહેવું હોય તો આવા શિક્ષણ પધ્ધતિના ફેરફાર અપનાવવા પડશે.

લેખક બી.આઈ.ટી.એસ. પીલાણીમાં કોમ્પ્યુટર સાયન્સમાં પ્રોફેસર અને એકેડમી અને રીસોર્સ પ્લાનીંગના ડીન છે.

સંદર્ભ| Times of India | 7 January 2015

---

## ફીશીંગ કોમ્યુનીટી માટે લાયબ્રેરી

કેરાલા સ્ટેટ કોસ્ટલ એરીયા ડેવલપમેન્ટ કોર્પોરેશન ૩૧ લાયબ્રેરી સ્થાપશે. ખાસ કરીને કેરાલાની ફીશીંગ (માછીમાર) કોમ્યુનીટી માટે હશે. આની સ્થાપનામાં રૂ. ૯.૬૦ કરોડનો ખર્ચ થશે. ૫૭ ચુનીંદા માછીમાર ગામોમાં પાયાના

વિકાસ માટે વિવિધ સુવિધાનું નિર્માણ થશે જેમાં શુધ્ધ પીવાનું પાણી, સેનીટેશન, વીજળીકરણ અને લાયબ્રેરી સ્થાપવા જેવી જરૂરીયાતોનો સમાવેશ થાય છે.

ફીશીંરીઝ મીનીસ્ટર કે બાબુએ જણાવ્યું કે નજીકના અડાવાન્કાંડ ગામમાં બે માળના મકાનમાં ૫૧ લાખની ફીશીંગ કોમ્યુનીટી માટે લાયબ્રેરી બનાવાશે. જેનો શીલા વિન્યાસ તેમણે ૨૦ જાન્યુઆરી-૨૦૧૫ના રોજ કર્યો. કોર્પોરેશન આવી ૩૧ લાયબ્રેરી રૂ. ૯.૬૦ કરોડના ખર્ચે બનાવશે.

અડાવાન્કાંડ લાયબ્રેરી ૧૧૩ ચો.મી.માં હશે જેમાં ઓફીસરૂમ, વાંચનરૂમ અને વોશરૂમ ભોયતળીયે હશે જ્યારે પહેલા માળ પર ફીશીંગ કોમ્યુનીટીના લાભાર્થે હોલ બનાવાશે જે ઈન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ ફીશીંગ વિલેજ સ્કીમની અંતર્ગત બનશે.

અડાવાન્કાડ ડીસ્ટ્રીક કોર્પોરેશન પાંચ ફીશીંગ વિલેજની લાયબ્રેરી બનાવશે જે અડાવાન્કાડ, કુમ્બાલમ, પિલ્લી પુરમ, ઉદયપેરુર અને મનરસરે ખાતે રૂ. ૧.૭૭ કરોડના ખર્ચે બનશે.

સંદર્ભ| Business Standard | 21 January 2015

## એન.ઈ.એચ. અને મેલોન ફાઉન્ડેશન ઈ. બુક કોન્ઝરવેશન માટે મદદે

નેશનલ એન્ડોવમેન્ટ ફોર હ્યુમેનીટી (NEH) અને એનડ્રુ ડબલ્યુ મેલોન ફાઉન્ડેશનએ ભાગીદારીમાં હ્યુમેનીટીઝ ઓપન બુક પ્રોગ્રામ સંયુક્ત રીતે કરશે જેમાં હ્યુમેનીટીના આઉટ ઓફ પ્રીન્ટ પુસ્તકો વિનામુલ્યે ઈ-બુક તરીકે ઉપલબ્ધ કરાશે.

ફીલસુફી, ઈતિહાસ, સાહિત્ય, કલા, સંગીત અને બીજા હ્યુમેનીટીના છેલ્લા ૧૦૦ વર્ષમાં પ્રગટ થયેલા મોટાભાગના પુસ્તકો અલભ્ય બન્યા, જે વિધાર્થી, શિક્ષક કે સામાન્ય વાચકને લભ્ય નથી. આ ગ્રાન્ટ પ્રોગ્રામ હેઠળ આને ક્રીએટીવ કોમન્સ લાયસન્સ અંતર્ગત ડાઉનલોડ કરવા ઉપલબ્ધ કરાશે.

આમાં પસંદગી માટે શૈક્ષણિક સંસ્થા એકેડમીક પ્રેસ નિષ્ણાંતો, મ્યુઝીયમ વગેરેને સુચનો આપવા આમંત્રણ છે. આગળ ઉપલબ્ધ યાદી અને આ મંતવ્યોના આધારે NEHએન મેલોન ફાઉન્ડેશન ૧૦ સુધીમાં ગ્રાન્ટ મંજૂર કરશે. EPUB ફોર્મેટ અને યોગ્ય ફોન્ટ કોમ્પેટેબીલીટી અને મોબાઈલમાં વાંચી શકાય તે ફોરમેટ માટે મંજૂરી અપાશે.

## દિલ્હી યુનિવર્સીટી આ મહિનાના અંત સુધીમાં MOOCsનો પ્રારંભ

દિલ્હી યુનિવર્સીટી મેસીવ ઓપન ઓનલાઈન કોર્સીઝ (MOOC) આ મહિનાના અંતમાં શરુ થશે તેમ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા જણાવે છે. આ વિશ્વભરમાં ઉપલબ્ધ હશે અને વિના મુલ્યે મળશે.

ઈન્ડીયા ઈન ધ ૨૧મી સેન્ચ્યુરી નામની શ્રેણી ૩૦ જાન્યુઆરી શરુ થઈ. જેમાં દરેકના ૧૦ લેક્ચર્સ છે. આ તમામ યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર દિનેશ સીંગે પોતે રજુ કર્યા.

યુનિવર્સીટી તરફથી ઓફ લાઈન ઈન્ટરેકટીવ ફેસીલીટી ચાર કોલેજમાં આપશે. જેમાં આર્યભટ્ટ કોલેજ, મહારાજા અગ્રસેન કોલેજ, આઈ.પી.કોલેજ ફોર વિમેન અને કેશવ મહાવિધાલયનો સમાવેશ થાય છે.

આમાં ભાગ લેનાર વિધાર્થીઓને નોન ક્રેડીટ કોર્સ માટે સર્ટીફીકેટ અપાશે. જોકે માન્યતા માટે યુનિવર્સીટીના એકેડેમીક કાઉન્સીલ (AC) ની મીટીંગ છે અને તેમાં આની મંજૂરી વિશે વાત થશે. યુનિવર્સીટી તેના ઈન્ટરનેટ નેટવર્ક દ્વારા તેનું મુલ્યાંકન કરશે.

આઈ.આઈ.ટી. કાનપુરે, ગયા મહિને જણાવ્યું કે તેઓ પોતાનું MOOKIT નામનું MOOCનો અમલ એગ્રીકલ્ચર અને કોમ્પ્યુટર સાયન્સ સાથે બીજી વિધાશાખાઓમાં પણ મુકશે.

તેજ રીતે HRD મીનીસ્ટ્રી જો પોતાનો MOOC ફલક, SWAYAM (સ્ટડી વેબ ઓફ એકટીવ લર્નીંગ ફોર યંગ એસ્પાયરીંગ માઈન્ડસ) જે ગયા વર્ષના અંતમાં શરુ કરવાનું હતું. જે યુએસની યુનિવર્સીટીઝ સાથે ઈન્ટરનેટ ડીકલેરેશનથી સાઈન થયું. સ્વયમ આમાં કુલ ત્રણ કોર્સ મુકવાના હતા. જેમાંના બે IIT મુંબઈના અને એક યુ.સી.બર્કલી ઉમેષ વઝરાનીના. હાલમાં અ કોર્સ edx જે MIT અને Harwardના બેક થયેલ MOOCમાં મળે છે.

નેશનલ પ્રોગ્રામ ફોર ટેકનોલોજી એનહેન્સક લર્નીંગ (NPTEL) તરફથી પણ ઈ-લર્નીંગ કોર્સ IIT અને ITScના સહકારથી ગયા માર્ચમાં શરુ થયેલ જે ગુગલના ઓપન સોર્સ MOOC ફલક પર કોર્સ બીલ્ડર જે એપ-એન્જીન અને કોમ્પ્યુટર એન્જીનથી ચાલે છે. અમે તે વખતે જણાવેલું કે જે ઓપન એજયુકેશન વેબસાઈટ પર મળે છે તો તેની આગવી વેબ સાઈટ શું કામ ચાલુ કરી તે એક પ્રશ્ન છે.

ભારત સરકાર ‘સાક્ષાત’ નામનો રાષ્ટ્રિય મીશનવાળો કાર્યક્રમ ચલાવે છે અને તેમાં ઈ-બુકસ, વર્ચુઅલ કલાસીસ ટેસ્ટીંગ સર્વીસ ચાલે છે, જે ક્રીએટીવ કોમન લાઈસન્સ અંતર્ગત ઉપલબ્ધ છે.

સંદર્ભ| http://www.medianama.com

---

## ગુગલ નવા સર્ચ એન્જીનની હરીફાઈમાં

ફીનીશ રીસર્ચર એવું સર્ચ એન્જીન બનાવ્યું છે જે પહેલાના સર્ચ એન્જીન કરતાં વધુ સક્ષમ છે. હેલ્સીકી ઈન્સ્ટીટયુટ ફોર ઈન્ફરમેશન ટેકનોલોજી (HIIT), SciNet સર્ચ એન્જીન જે જુદું છે કારણ તે ઈન્ટરનેટ સર્ચ જોઈતી માહિતીના કી વર્ડસ સાથે સરખાવીને માહિતી શોધે છે.

SciNet વાપરનારાને સંબંધીત માહિતી જ મળે છે અને તે ખુબ ઝડપથી મળે છે. ખાસ કરીને જયારે તેમની જરુરી માહિતી વિશે તેમને ચોકકસ ખ્યાલ નથી હોતો. અથવા તો કવેરી કેવી રીતે યોજવી તેનો ખ્યાલ ન હોય. ઘણાંને માટે પોતાની કવેરીને ઘડવાની સમજણ નથી હોતી.

વાચકો માટે વિકલ્પમાંથી તેમને જોઈતી માહિતી તારવવાનું સહેલું છે તેમ પ્રોજેકટ કોઓર્ડીનેટર તુકકા રુટસાલો કહે છે. એક માહિતીની શોધમાં પ્રથમ તેના સંબંધીત શબ્દો

(કીવર્ડ) અને પછી જે તે સંદર્ભો બતાવે છે. દરેક કીવર્ડ સંદર્ભના લેખ રજુ થાય છે અને તેમાં જરૂરી કીવર્ડ અને તેના લેખો સૌથી નજીકના સંદર્ભ તરફ લઈ જાય છે અને જે અસબંધીત શબ્દો અને તેના સંદર્ભો દુર જાય છે.

સર્ચ એન્જીન આ સાથે બીજા વિકલ્પો પણ આપે છે ટોપીક રડારના ભ્રમણથી સાચા વિકલ્પ સુધી પહોંચી શકાય છે.

સંદર્ભ| http://freepressjournal.in/

## ગુગલ-લાઈક સર્ચ એન્જીન વિધાર્થીઓ માટે શરુ કરશે.

જવાહરલાલ નેહરૂ યુનિવર્સીટીએ ગુગલ લાઈક (ગુગલ જેવું) એક વિન્ડોવાળુ સર્ચ ઓપરેશન ચાલુ કર્યુ જે વિધાર્થીઓ અને શિક્ષકોને બધાજ સંદર્ભો ઉપલબ્ધ કરે છે. જેમાં બુકસ વર્તમાનપત્ર અને સંશોધન સાધનનો સમાવેશ થાય છે.

યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર એસ. કે. સોપાયે આ સેવા શરુ કરી જેને EBSCO ડીસ્કવરી સર્વીસ (EDS) કહે છે. ટ્રાન્સફોર્મીંગ યુનિવર્સીટી લાયબ્રેરીના પરિસંવાદ ઉદઘાટન પ્રસંગે શરુ કરાઈ.

સંદર્ભની પાત્રતાને ક્રમ આપવાથી અને યોગ્ય ન હોય તેવા સંદર્ભને દુર કરીને ફેકલ્ટી વિધાર્થી કે સંશોધકને અચૂક જરૂરી સંદર્ભ મળે છે. બહુ થોડી શૈક્ષણિક સંસ્થાઓને આવી સીંગલ વીન્ડો સર્ચ પધ્ધતિ મળતી હોય છે.

આ સેવાને સેલફોન ટેબલેટ કે લેપટોપ પર પણ વાપરી શકાય છે.

યુનિવર્સીટી લાયબ્રેરીયન રમેશ સી. ગોર કહે છે કે અમે એવી સેવાની શોધમાં હતા કે જેમાં કયો ડેટાબેઝ વાપરવો તેની સરળતા રહે અને સેવા વધુ વાચક કેન્દ્રીત હોય.

આ સેવા ૭૨ જેટલા ડેટાબેઝીસ, લાયબ્રેરી કેટલોગ, ૨૦,૦૦૦ ઈલેકટ્રોનીક થીસીસ અને ડેઝરટેશન, ૮ લાખ જેટલા ડીજીટલ પ્રેસ ક્લીપીંગ, ૭૨ ભાષાના ૨૩૦૦ ઈ ન્યુઝ પેપર, જે ૧૦૦ જેટલા દેશોમાંથી આવે છે. ઉપરાંત ૨ લાખ ઈ-બુકસ અને બધા ઈ જર્નલ આવરી લે છે.

પહેલાં ડીસ્કવરી સર્વીસ દોઢ વર્ષ સુધી અખતરાના ધોરણે હતી. JNU લાયબ્રેરીની નવી વેબસાઈટ અને અનેક બીજી વેબસાઈટ પણ આ પ્રસંગે શરુ કરાઈ.

સંદર્ભ|
http://computer.financialexpress.com/

અનુવાદક :- **સ્વધા મજમુદાર**